"પરોપકાર- પરાયણ પુરુષે આ લોકમાં પ્રાકૃત ભષા ભણવી-બોલવી જોઇએ, કે જે ભાષા વડે સર્વ કોઇ મન્દ બુદ્ધિવાળા જીવોને પણ વિશેષ બોધ થઇ શકે છે."

**૨૫૭.** આમાં ગ્રન્થકારે જ્યેષ્ઠ પંચમી અને લઘુ પંચમી એવા બે પ્રકાર, જ્ઞાનની આરાધના માટે જ્ઞાનપંચમીના પાડી તે આરાધવાનો સમય, પંચમી વ્રત ગ્રહણ કરવાની વિધિ, વ્રત પૂર્ણ થયે કરવાનું ઉજમણું અને આ વ્રત આરાધવાથી પહેલા **જ**યસેન-છેલ્લા **ભ**વિષ્યદત્ત એમ દશ જણને સૌભાગ્ય વગેરે દશ પ્રકારનાં ફળ પ્રાપ્ત થયાં તે ૧૦ કથાઓ આપી છે. આની પ્રત સં.૧૦૦૯ની તાડપત્ર પર લખાયેલી જેસલમેર ભડારમાં હતી એવો ઉલ્લેખ મળે છે.(આ પૈકી **ભ**વિષ્યદત્ત કથા પરથી ધર્કટ વણિક-ધનપાલે અપભ્રંશમાં **ભ**વિસ્સયત્ત કહા-પંચમી રચી જણાય છે.)**સં**યમમંજરી નામનું અપભ્રંશમાં કાવ્ય રચનાર **મ**હેશ્વરસૂરિ પ્રાયઃ આના કર્તા હોય.

**૨૫૮.** 'વિ.સં ની ૧૦ મી શતાબ્દી આસપાસથી કુટિલ લિપિમાંથી નાગરી લિપિ બનવા લાગી કે જે હાલ પ્રચલિત છે.[૧૯૪]

**૨૫૯.** પ્રાકૃતના એક રૂપાન્તરથી 'અપભ્રંશ' ભાષા બની જેમાંથી હિંદી, ગુજરાતી, તથા રાજપૂતાની ભાષાઓની ઉત્પત્તિ થઇ. તે ભાષાનું પ્રાચીન સાહિત્ય વિ. સં. ની દશમી શતાબ્દીની આસપાસથી મળે છે;[૧૯૫] પત્તો લગાડતાં જણાય છે કે તે અપ્રભંશ સાહિત્ય ૮મી સદી પૂર્વથી મળે છે. કે જે 'અપભ્રંશ સાહિત્ય'નો પરિચય '**જૈ**ન ગૂર્જર કવિઓ'ના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં બહુ વિસ્તારથી કરાવ્યો છે. છતાં અત્યારે ટુંકમાં એટલું કહેવું પડશે કે દેશી ભાષાઓની જનની અપભ્રંશ ભાષાના મૂળ પૂરાં નંખાઇ ગયાં હતાં. તે ભાષામાં ગ્રંથો વિ. સં. ૮ મા શતકથી પૂર્વે રચવા માંડ્યા એટલે તે ભાષા સાહિત્ય ભાષા થઇ ગઈ-અપભ્રંશ ભાષાનો ખરો કાળ શરૂ થયો-લોકોની બોલીચાલીની તે ભાષા પ્રૌઢ બની અને તે બદલાતાં બદલાતાં એવા સ્વરૂપમાં આવતી ગઇ કે જેમને આપણે આધુનિક ભાષા કહેવા લગ્યા છીએ તે ગૂજરાતી, હિન્દી, મરાઠી, આદિ દેશી ભાષાઓ પરિણત થઇ. આ ભાષાઓના પ્રાચીનતમ ગ્રંથો આ શતક પછી ઘણા કાળે થયેલા છે. જૂની ગૂજરાતી ૧૩ મા શતકથી યા તે પૂર્વની કહી શકાય.

**૨૬૦.** **ચા**વડાઓ જૈન યતિઓને સત્કારતા અને **ચા**વડાવંશના કુલગુરુ પણ **ચૈ**ત્યવાસી જૈન સાધુઓ હતા. એ સંબધી દુહો પણ છે કેઃ-

**શિ**સોદિયા **સં**ડેસરા, **ચ**ઉદશિયા **ચૌ**હાણ,
**ચૈ**ત્યવાસિયા **ચા**વડા, કુલગુરુ એહ વખાણ.

૧૯૪. **ઓઝાજી. રાજપૂતાનેકા ઇતિહાસ** પ્રથમ ભાગ પૃ.૨૨

૧૯૫. **ઓઝાજી** રાજપૂતાનેકા ઇતિહાસ પ્રથમ ભાગ પૃ.૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ ત્રીજો

## સંસ્કૃત સાહિત્યનો ઉત્કર્ષ
## (વિ.સં. ૧૦૦૧ થી સં. ૧૨૩૦)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org